ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૪૦/૧૯–૨૦/ 3490 તારીખ : 8 OCT 2020

~~આર.પી.એ.ડી.~~

કેસ નં.૧૪૦/૧૯–૨૦

પ્રતિ,
**શ્રી હરિભાઈ મેઘાભાઈ,**
**દુદાણા રોડ, જુનું ગામ,**
**મું.ધરાઈ,**
**તા.મહુવા,,**
જી.ભાવનગર.
**મો.નં. ૯૦૯૯૧ ૫૧૫૯૦**

**વિષય : ઘરવપરાશના વિજ બિલ માં બાકી લેણાં આવવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૫/૩/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૭/૩/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૦/૧૯–૨૦/૧૧૮૮ તા.૧૨/૩/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૦/૧૯–૨૦/૨૭૮૪ તા.૧૭/૮/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૦/૧૯–૨૦/૩૨૬૫ તા.૧૯/૦૯/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૩૦/૦૯/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **બગદાણા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર –૧૪૦/૧૯–૨૦**

વાદી :– **શ્રી હરિભાઈ મેઘાભાઈ**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખઃ– તા.૨૭/૦૮/૨૦૨૦, તા.૩૦/૦૯/૨૦૨૦**

હાજર રહયા :– **શ્રી જેરામભાઈ હરિભાઈ કાતરીયા** – (વાદી ના પુત્ર )

પ્રતિવાદી :– શ્રી એમ.કે.ભીગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ.કંપની લિમીટેડ વતી)

શ્રી હરિભાઈ મેઘાભાઈ, મું, ઘરાઈ, તા.મહુવા, જી.ભાવનગર ની ઘરવપરાશના વિજ બિલ માં બાકી લેણાં આવવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૪૦/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૪૦/૧૯–૨૦/૧૧૮૮ તા.૧૨/૩/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૭/૦૮/૨૦૨૦ તથા તા.૩૦/૦૯/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી હરિભાઈ મેઘાભાઈ વતી તેમના પુત્ર શ્રી જેરામભાઈ હરિભાઈ કાતરીયા તા.૨૭/૦૮/૨૦૨૦ તથા તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ શ્રી સી.સી.ડામોર– કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા તા.૩૦/૦૯/૨૦૨૦ ના રોજ શ્રી એમ.કે.ભીગરાડીયા – નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી હરીભાઈ મેઘાભાઈ, દુદાણા રોડ, જુનું ગામ, ગામ–ઘરાઈ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ઘરાવીએ છીએ.

૧.૨ અમારા ઉપર મુજબના સ્થળે ઘરવપરાશમાં વપરાશ હોવા છતાં, મીટર વધારે રીડીગ બતાવતું હતું. શિયાળાની સીઝન હોવાથી પંખા બંઘ રહેતા હોય છતાં, મીટર રીડીગ ફાસ્ટ ફરતા હોવાથી અમે વિજ કચેરી, બગદાણા માં મીટર બદલવા મેં તા. ૧૪/૧૦/૨૦૧૯ ના અરજી આપેલ અને નિયમ મુજબ સીલીગ ચાર્જ ભરેલ.

૧.૩ બગદાણા પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૫/૧૧/૨૦૧૯ ના રોજ પ્રફોર્મા નં–૨૫૩૦૩ મીટર બદલાવેલ. કર્મચારીએ પ્રફોર્મા કોપી આપી નહી. મીટર બદલાવીને જતો રહેલ. કઈ તારીખે મીટર મહુવા લેબમાં તપાસે છે તે જણાવેલ નહી.

૧.૪ મીટર મહુવા લેબમાં ટેસ્ટ કરવા આવેલ તેની અમને જાણ કરેલ નહી. અમારી ગેરહાજરીમાં વન સાઈડ એકતરફી એક મહિના બાદ તા.૬/૧૨/૨૦૧૯ ના રોજ ટેસ્ટ કરેલ છે.

૧.૫ નવે–ડિસે– ૨૦૧૯ નું તા.૧૩/૧/૨૦૨૦ ના રોજ વિજ બિલ આપેલ, તેમાં રૂા. ૨૧૫૯૬.૯૯ બાકી આવેલ તેથી, હું અમારી વિજ કચેરી, બગદાણા ગયેલ અને નાયબ ઈજનેરશ્રી ને મળેલ.

૧.૬ નાયબ ઈજનેરશ્રી ને જણાવેલ કે, વિજ બિલ માં બાકી લેણાં શેના આવેલ છે, તેનું બિલ આપો, વિગતવાર જણાવો. છતાં, બિલ આપેલ નહી. ફરી મેં તા.૪/૧/૨૦૨૦ ના અરજી આપેલ, ત્યારબાદ ઘટતા બિલ ની કોપી આપવા તા.૨૩/૧/૨૦૨૦ ના અરજી આપેલ. જેમાં એમ.આર.આઈ ની કોપીની માંગણી કરેલ.

૧.૭ મીટર રીડર અને બિલીગ વિભાગ ની બેદરકારી, મીટરમાં ૬૯૩૩ રીડીગ કયાંથી આવેલ છે. પીઆરટી અને એમ.આર.આઈ.માં રીડીગ આવતા નંથી અને મીટર ઓ.કે નો રીપોર્ટ આવેલ છે.

૧.૮ મીટર રીડરને બચાવવા આગ્રહ રાખે છે. વિજ બિલમાં રીડીગ ૬૯૩૩ કયાંથી આવેલ છે, એમ.આર.આઈ, પી.આર.ટી, માં ઉપર મુજબના રીડીગ નથી, તમામ અલગ અલગ આવે છે, ઝીણવટથી અભ્યાસ કરી, મને આપેલ ખોટું બિલ રદ કરવા હુકમ કરવા વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ગ્રાહકનું નામ– શ્રી હરિભાઈ મેઘાભાઈ

ગ્રાહક નંબર– ૮૯૨૧૮/૦૦૦૯૧/૮

કેટેગરી– RGPR, 0.5 HP

રીલીઝ તારીખ– ૧૩/૫/૨૦૧૦

૨.૨ વાદીશ્રી હરિભાઈ મેઘાભાઈ, ગ્રાહકનું નામ– શ્રી હરિભાઈ મેઘાભાઈ, દુદાણા રોડ, જુનું ગામ, ગામ–ઘરાઈ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ઘરાવે છે. તેઓ રહેણાંક હેતુ માટેનું વિજ કનેકશન ઘરાવે છે. જેનો ગ્રાહક નં–૮૯૨૧૮/૦૦૦૯૧/૮ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૩ વાદી દ્વારા સદર વિજ જોડાણ નું વિજ મીટર ફાસ્ટ ફરવા અંગેની તા.૧૪/૧૦/૨૦૧૯ ના રોજ બગદાણા પેટા વિભાગીય કચેરીએ કરેલ હતી. સદર અરજી ના આધારે તા.૫/૧૧/૨૦૧૯ ના રોજ બગદાણા પેટા વિભાગીય કચેરી ના કોન્ટ્રાકટર દ્વારા સદર વિજ મીટર બદલાવવામાં આવેલ.

૨.૪ સદર વિજ મીટર વાદીશ્રીની હાજરીમાં બદલવામાં આવેલ અને તેઓ સહી કરવા કે અંગુઠો મારવા માટે અશકત હોય, તેઓ દ્વારા સહી કરેલ નથી કે અંગુઠો મારેલ નથી. તેઓને મીટર બદલવા અંગેની પ્રફોર્મા–૧૫ ની કોપી આપવામાં આવેલ હતી.

૨.૫ વાદી ને મીટર બદલ્યા અંગેનો પ્રફોર્મા–૧૫ ની કોપી માં લેબ પરીક્ષણ માટે મહુવા મીટર લેબોરેટરીમાં ખોલવા માટે જે તારીખે ઉપસ્થિત રહેવાનું હોય છે. જે ત્રણ તારીખ આપવામાં આવેલ હતી. પરંતુ, સદર તારીખો દરમ્યાન, વાદી કે તેના પ્રતિનિધિ હાજર રહેલ નહી.

૨.૬ વાદી લેબ પરીક્ષણ માટે, હાજર રહેલ ન હોવાથી, તા.૬/૧૨/૨૦૧૯ ના રોજ વાદીની હાજરી વિના મહુવા લેબોરેટરીમાં સદર વિજ મીટર નું લેબ પરીક્ષણ કરેલ.

૨.૭ દર લેબ પરીક્ષણ માં લેબ રીપોટ નં–A 0924 મુજબ મીટર બરાબર (ઓકે) દર્શાવેલ છે. વાદીને (૩૭૦૦–૬૯૩૩) ૩૨૩૩ યુનિટ ની રકમ રૂા.૨૩,૬૫૨/૨૫ ની ડેબીટ તા.૨૧/૧૧/૨૦૧૯ ના રોજ વાદીને લેઝરમાં ભરેલ છે. આ સાથે લેબ રીપોર્ટ ની કોપી સામેલ છે. તેમજ MRI કોપી સામેલ છે.

૨.૮ વાદી ને સદર લેબ પરીક્ષણ રીપોર્ટ મંજૂર ના હોવાથી, વાદી ફરી લેબ પરીક્ષણ કરાવવા તા.૧૧/૯/૨૦૨૦ ના રોજ મહુવા ડિવિઝન ઓફીસ ખાતે હાજર રહેલ. પરંતુ, સદર તારીખે વાદીને બહાર જવાનું હોવાથી, મીટરનું ફરી લેબ પરીક્ષણ કરેલ નહી અને વાદી દ્વારા નાયબ ઈજનેરશ્રી ને જણાવેલ કે, તમો દ્વારા મારી ગેરહાજરીમાં સદર વિજ મીટર નું લેબ પરીક્ષણ કરો અને તેનો જે કંઈ નિર્ણય આવશે તે મને મંજૂર રહેશે. તેમ જણાવેલ અને વાદી જતા રહેલ.

૨.૯ ત્યારબાદ, ફરી બીજી વખત તા.૨૪/૯/૨૦૨૦ ના રોજ વાદી ની ગેરહાજરીમાં લેબ પરીક્ષણ કરેલ છે. જેનો MRI કોપી સામેલ છે. જે રીપોર્ટ નો અભ્યાસ કરતાં, તા.૧૩/૭/૨૦૧૯ થી તા.૨૬/૧૦/૨૦૧૯ સુધી એટલે કે, કુલ ૧૦૩ દિવસ દરમ્યાન, મીટર **EARTH LOAD** નો ટેમ્પર્ડ કાઉન્ટ આવેલ છે. એટલે કે, આ સમયગાળા દરમ્યાન વાદીના વિજ સ્થાપન ના વાયરીગમાં અથવા કોઈ ઉપકરણમાં ક્ષતિ ઉદભવેલ હોય, તેવું બની શકે. અને વિજ પ્રવાહ **EARTH** માં ઉતારવાને કારણે, અસાધારણ વિજ વપરાશ થયેલ હોય તેવું જણાય આવે છે.

૨.૧૦ ઉપરાંત, વાદીના તા.૨૮/૯/૨૦૨૦ ના રોજ ઘરની મુલાકાત લેતાં, સ્થળ પર કુલ – ૧૯૬૪ વોટ વિજભાર જોડેલ હતો. જે બાબતનું સ્થળ રોજકામ કરેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૧૧ આમ, વાદી ને સદર ઘરવપરાશના વિજ બિલ ના બાકી લેણાં ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– **વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી હરીભાઈ મેઘાભાઈ, ગામ–ધરાઈ, તા.મહુવા માં ગ્રાહક નં–૮૯૨૧૮/૦૦૦૯૧/૮ થી સીગલ ફેઈઝ ઘર વપરાશનું વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદીએ તા. તા.૧૪/૧૦/૨૦૧૯ ના રોજ મીટર ફાસ્ટ ફરવા અંગેની અરજી પ્રતિવાદીની કચેરીમાં કરેલ. પ્રતિવાદીએ તા. તા.૫/૧૧/૨૦૧૯ ના રોજ વાદીનું મીટર બદલાવી, તે સમયે વાદીના મીટરમાં છેલ્લા રીડીગ ૬૯૩૩ નોંધાયેલ હતા. આથી, વાદીને નવે–ડિસે– ૨૦૧૯ નું વિજ બિલ રૂ.રૂ. ૨૧૫૯૬/– આપવામાં આવેલ. જેથી, વાદીએ ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદી એ મીટર બદલતી વખતે મીટરમાં નોંધાયેલ રીડીગ ૬૯૩૩ હતા. તેમજ મીટર ના મીટર ટેસ્ટીગ લેબ ના પરીક્ષણ સમયે તા.૬/૧૨/૨૦૧૯ ના રોજ વિજ મીટર ના નોંધાયેલ રીડીગ ૬૯૩૩ હતા. મીટરના પરીક્ષણ સમયે વિજ મીટરની એકયુરેશી ચેક સમયે મીટરની એકયુરેશી +૦.૨૨ હતી. આમ, મીટર ટેસ્ટીગ સમયે મીટર ફાસ્ટ માલૂમ પડેલ નહી.

૩.૪ તા.૨૭/૦૮/૨૦૨૦ ના રોજ સુનાવણી દરમ્યાન, વાદીએ મીટર બદલતી સમયે નોંધાયેલા રીડીગ ૬૯૩૩ સામે શંકા દર્શાવેલ હોય, ફોરમે રીપેક કરેલ મીટરને ફરીથી ખોલી વાદીની હાજરીમાં રીડીગ ચેક કરવા તેમજ ટેસ્ટ કરવાનું જણાવેલ. પરંતુ, વાદી રી–ટેસ્ટીગ વખતે હાજર રહેલ નહી.

૩.૫ પ્રતિવાદી એ રજૂ કરેલ **MRI** ના બિલીગ ડેટા રીપોર્ટ મુજબ બિલીગ હિસ્ટ્રી માં તા.૬/૧૨/૨૦૧૯ ના રોજ મીટર ના રીડીગ ૬૯૩૩ જણાયેલ છે. તેમજ **MRI** ના ટેમ્પર્ડ રીપોર્ટ મુજબ તા.૨૩/૮/૨૦૧૯ થી તા. ૨૬/૧૦/૨૦૧૯ (૬૩–૧૪–૫૦) અને તા.૧૩/૭ /૨૦૧૯ થી તા.૨૩/૮/૨૦૧૯ ( ૪૦–૧૩–૪૭) સમય દરમ્યાન, **EARTH LOAD** ના ટેમ્પર્ડ કાઉન્ટ જણાયેલ છે.

૩.૬ MRI બિલીગ હિસ્ટ્રી/મીટર ચેન્જની હિસ્ટ્રી અને મીટર ટેસ્ટીગ નો રીપોર્ટ તેમજ સંલગ્ન દસ્તાવેજો જોતાં, તેવું સ્પષ્ટ જણાય છે કે, વાદીનું મીટર બદલતી સમયે તેમાં નોંધાયેલ રીડીગ ૬૯૩૩ હતા. જેથી, પ્રતિવાદી એ વાદી ને આપેલ નવે–ડિસે–૨૦૧૯ નું વિજ બિલ યોગ્ય અને નિયમ મુજબનું છે. જેવાદી એ ભરવાપાત્ર છે.



Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે. દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એન. અજાકીયા)**
**.ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– ૩૦/૯/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.